ન્યાય સહાયક વિજ્ઞાન પ્રયોગશાળામાં
નમૂનાઓનું પૃથ્થકરણ/તાલિમ માટેનું
ફીનું ધોરણ પુન: નક્કી કરવા બાબત.

ગુજરાત સરકાર,
ગૃહ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
ક્રમાંક: ફસલ/૧૦૨૦૦૩/મંત્રી-૫/અ
તા. ૨૦/૧૨/૨૦૨૨

<u>વંચાણે લીધા:</u>

(૧) ગૃહ વિભાગનો તા. ૧૮/૧૦/૨૦૦૪નો સમાનાંકી ઠરાવ
(૨) ગૃહ વિભાગનો તા. ૦૮/૧૧/૨૦૦૬નો સમાનાંકી ઠરાવ
(૩) ગૃહ વિભાગનો તા. ૦૫/૦૫/૨૦૦૮નો સમાનાંકી ઠરાવ
(૪) ગૃહ વિભાગનો તા. ૦૮/૧૦/૨૦૦૯નો સમાનાંકી ઠરાવ
(૫) ગૃહ વિભાગનો તા. ૦૮/૦૯/૨૦૧૪નો સમાનાંકી ઠરાવ
(૬) ગૃહ વિભાગનો તા. ૧૮/૧૧/૨૦૧૬નો સમાનાંકી ઠરાવ
(૭) ગૃહ વિભાગનો તા. ૧૪/૧૧/૨૦૧૮નો સમાનાંકી ઠરાવ
(૮) ગૃહ વિભાગનો તા. ૨૬/૦૯/૨૦૧૯નો સમાનાંકી ઠરાવ
(૯) ગૃહ વિભાગનો તા. ૦૩/૦૯/૨૦૨૦નો સમાનાંકી ઠરાવ
(૧૦) નિયામકશ્રી, ન્યા.સ.વિ. કચેરીનો તા. ૧૩/૦૯/૨૦૨૨નો પત્ર ક્રમાંક: ડીએફએસ/સીબી/૩૬૨૪/૨૦૨૨

<u>ઠરાવ:</u>

સંદર્ભના ક્રમાંક: (૧)થી (૯)માં દર્શાવેલ ઠરાવથી ન્યાય સહાયક વિજ્ઞાન પ્રયોગશાળામાં આવતા ખાનગી સંસ્થા કે અન્ય બહારની વ્યક્તિઓ, તમામ સરકારી/અર્ધ સરકારી વિભાગો, બહારના રાજ્યો તથા કેન્દ્ર સરકારની સંસ્થાઓ તરફથી આવતા કેસોની ચકાસણી/પૃથ્થકરણ તથા ફોરેન્સિક સાયકોલોજી જૂથમાં આવતા બ્રેઇન ફિંગર પ્રિન્ટિંગ અને નારકો પરિક્ષણના કિસ્સામાં ફીનું ધોરણ વખતો વખત નક્કી કરવામાં આવેલ છે.

૨. આમુખ ક્રમાંક: (૫)માં દર્શાવેલ ઠરાવના પારા-કમાં ઠરાવ્યા મુજબ દર બે વર્ષે આ દરોમાં ૧૦% વધારો કરવાનું પણ સૂચવવામાં આવ્યુ હતું. આથી આ જોગવાઇ અન્વયે તા. ૦૧/૦૯/૨૦૨૨થી સુધારેલ નવા દરોનો અમલ કરવા માટેની બાબત વિચારણા હેઠળ હતી.

૩. નિયામકશ્રી, ન્યાય સહાયક વિજ્ઞાન કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના આમુખ ક્રમાંક: (૯) સામે દર્શાવેલ તા. ૧૩/૦૯/૨૦૨૨ના પત્રથી ન્યાય સહાયક વિજ્ઞાન પ્રયોગશાળામાં આવતા નમૂનાઓનું

પૃથ્થકરણ/તાલિમ માટેની ફીનું ધોરણ પુન: નક્કી કરવા અંગેની દરખાસ્ત અન્વયે ન્યાય સહાયક વિજ્ઞાન પ્રયોગશાળામાં પૃથ્થકરણ માટે મોકલાતા નમૂનાઓના પરિક્ષણના હાલના ફીના ધોરણમાં પુખ્ત વિચારણાને અંતે તા. ૦૧/૦૯/૨૦૨૨થી અમલ કરવાના થતા ૧૦% વધારા સાથેના દરો નીચે મુજબના કોષ્ટક પ્રમાણે આથી નક્કી કરવામાં આવે છે.

| ક્રમ | નમૂનાનો પ્રકાર | ૦૧/૦૯/૨૦૨૦થી અમલ ૧૦% વધારા સાથે પરિક્ષણ ફીના દર |
|---|---|---|
| (૧) | (૨) | (૩) |
| ૧ | ટોક્સિકોલોજી પરિક્ષણો | નમૂના દિઠ ૭૩૨૦/- |
| ૨ | સિરોલોજીકલ/બાયોલોજીકલ પરિક્ષણો | નમૂના દિઠ ૭૩૨૦ /- |
| ૩ | બેલેસ્ટિક પરિક્ષણો | નમૂના દિઠ ૭૩૨૦ /- |
| ૪ | બ્લડ આલ્કોહોલ પરિક્ષણો | નમૂના દિઠ ૭૩૨૦ /- |
| ૫ | ફિઝિક્સ અને કેમિકલ પરિક્ષણો | નમૂના દિઠ ૭૩૨૦ /- |
| ૬ | વોઇસ આઇડેન્ટિફિકેશન | નમૂના દિઠ ૭૩૨૦ /- |
| ૭ | ડી.એન.એ. | નમૂના દિઠ ૧૪૬૪૧/- |
| ૮ | સાઇબર ક્રાઇમ | નમૂના દિઠ ૧૪૬૪૧ /- |
| ૯ | ફોરેન્સિક ફોટોગ્રાફિ | નમૂના દિઠ ૭૩૨૦/- |
| ૧૦ | ફોરેન્સિક સાયકોલોજી | |
| | (૧) બ્રેઇન ફિંગર પ્રિન્ટ | નમૂના દિઠ ૭૩૨૦૫/- |
| | (૨) નારકો એનાલિસિસ | નમૂના દિઠ ૭૩૨૦૫/- |
| | (૩) પોલિગ્રાફિ | નમૂના દિઠ ૧૪૬૪૧/- |
| | (૪)હિપ્નોસિસ | નમૂના દિઠ ૧૪૬૪૧ /- |
| | (૫)સાયકોલોજીકલ પ્રોફાઇલિંગ | નમૂના દિઠ ૧૪૬૪૧ /- |
| | (૬) સસપેક્ટ ડિટેક્શન | નમૂના દિઠ ૧૪૬૪૧ /- |
| | (૭) લેયર્ડ વોઇસ એનાલિસિસ | નમૂના દિઠ ૧૪૬૪૧ /- |
| ૧૧ | નાગરીક પુરવઠા સહિતના(ગૃહ વિભાગ હસ્તક સિવાયની)તમામ સરકારી/ અર્ધસરકારી વિભાગો તરફથી આવતા નમૂનાઓની ચકાસણી બાબતે ફીનો દર | નમૂના દિઠ ૭૩૨૦/- |
| ૧૨ | ગૃહ વિભાગ હસ્તક સિવાયની તમામ સરકારી/અર્ધસરકારી કચેરી માટે | નમૂના દિઠ ૭૩૨૦/- |

| | | |
|---|---|---|
| | સ્થળ.<br>મુલાકાત લઇ તાંત્રિક અભિપ્રાય આપવાના કિસ્સાઓ માટે મુલાકાત દિઠ | |
| ૧૩ | નારકો એનાલિસિસ બ્રેઇન ફિંગર પ્રિન્ટિંગના અગ્રિમતાના કેસોની ફી | નમૂના દિઠ ૧,૪૬,૪૧૦/- |
| ૧૪ | સરકાર પક્ષકાર ન હોય તેવા ખાનગી વ્યક્તિઓ/આરોપીઓ દ્વારા કેસોની તપાસ | નમૂના દિઠ ૭૩૨૦૫-<br>અદાલતમાં સાક્ષી તરીકે બોલાવે ત્યારે કલાક દીઠ રૂ.૧૪૫૨/- |

૪. ઉપરોક્ત કોષ્ટકના કોલમ-૩માં દર્શાવ્યા પ્રમાણેના દરો ગુજરાત સરકાર, ગૃહ વિભાગ સિવાયના વિભાગો તેમજ અન્ય સરકારી/અર્ધ સરકારી કચેરીઓ, બહારના રાજ્યો તથા કેન્દ્ર સરકારની સંસ્થાઓ તરફથી આવતા નમૂનાઓની ચકાસણી માટે લાગુ પડશે અને નમૂનાઓના પૃથ્થકરણ/ચકાસણીની ફી પેટે આવેલ રકમ સરકારી તિજોરીમાં જમા કરાવવાની રહેશે.

૫. આ સુધારેલ દરોનો અમલ તા. ૦૧/૦૯/૨૦૨૨થી કરવાનો રહેશે.

૬. ગૃહ વિભાગના તા. ૦૮/૦૯/૨૦૧૪ના સમાનાંકી ઠરાવની અન્ય પૂર્વ નિયત શરતો યથાવત રહેશે.

૭. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર અધિક મુખ્ય સચિવશ્રી(ગૃહ)ની તા. ૧૭/૧૨/૨૦૨૨ની નોંધથી મળેલી અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

Jigar

(જીગર પટેલ)
નાયબ સચિવ,
ગૃહ વિભાગ

પ્રતિ,

- અગ્ર સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, ન્યાય સહાયક વિજ્ઞાન કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- નાયબ નિયામકશ્રી, ન્યાય સહાયક વિજ્ઞાન પ્રયોગશાળા, અમદાવાદ.
- નાયબ નિયામકશ્રી, પ્રાદેશિક ન્યાય સહાયક વિજ્ઞાન પ્રયોગશાળા, જૂનાગઢ/રાજકોટ/વડોદરા/સુરત.
- પ્રિન્સિપાલ એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.

- ભાષા નિયામકશ્રીની કચેરી, ડૉ. જિવરાજ મહેતા ભવન, ગાંધીનગર(આ ઠરાવનો અંગ્રેજીમાં અનુવાદ કરી ૧૦ નકલ આ વિભાગને પુરી પાડવાની વિનંતી સહ)
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, અમદાવાદ/જૂનાગઢ/રાજકોટ/વડોદરા/સુરત.
- સેક્શન અધિકારીશ્રી, 'ચ' શાખા, નાણા વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી(ગૃહ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- માહિતી નિયામકશ્રી, ગાંધીનગર.(આ અંગેની પ્રસિદ્ધિ વર્તમાનપત્રોમાં આપવાની વિનંતી સહ)
- આઇ.ટી.સેલ, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.(આ ઠરાવ વિભાગની વેબસાઇટ પર પ્રસિદ્ધ કરવાની વિનંતી સહ)
- શાખા પસંદગી ફાઇલ.
- નાયબ સેક્શન અધિકારી પસંદગી ફાઇલ